૯૩

જાવક નં. : જી-૨/૧૯૨૭/એટ્રો/અમલવારી/ ૨૧૩ /૦૭
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ
અધિકારીની કચેરી, ગુજરાત રાજય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર
તા. ૧૬ /૧/૦૭

**વિષય :** અનુસૂચિત જાતી/ અનુસૂચિત આદિજાતી (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ ના નિયમ-૭(૧) મુજબ તપાસનીશ અધિકારીની નિમણૂંક કરવા બાબત.

**હવાલો:** અત્રેની કચેરીના પરિપત્ર નં.જી-૨/૧૯૨૭/એટ્રો/અમલવારી/૨૦૬૯/૦૬ તા.૨૫/૭/૦૬

**પરિપત્ર :**

૧/- અત્રેની કચેરીનો ઉપરોક્ત હવાલાવાળો પરિપત્ર વંચાણે લેવો. અનુસૂચિત જાતિ/ જનજાતિ નિમયો-૧૯૯૫ ના નિયમ-૭(૧) તેમજ વિવિધ અદાલતોએ આ મુદ્દે આપેલ ચુકાદાઓ ધ્યાનમાં લઇ હવાલામાં દર્શાવેલ તા.૨૫/૭/૦૬ નો પરિપત્ર રદ કરવામાં આવે છે અને નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

૨/- એટ્રોસીટીના દરેક ગુનામાં નાયબ પોલીસ અધિક્ષક એસ.સી./એસ.ટી. સિવાય તપાસ કરવાની સત્તા આપતો નિમણૂંક પત્ર/હુકમ જે તે પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જારી કરવો જરૂરી રહેશે. જેથી તે રીતેનો કેસદીઠ નિમણૂંક પત્ર જારી કરવા તમામ પોલીસ કમિશ્નરશ્રી/ પોલીસ અધિક્ષકશ્રીને સુચના કરવામાં આવે છે. આ સાથે નિમણૂંક પત્રનો નમુનો સામેલ છે.

૩/- ગુનો જાહેર થયાનું પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીના ધ્યાન ઉપર આવે તે જ વખતે નિર્ણય લઇ આ નિમણૂંક પત્ર જે તે પોલીસ કમિશ્નરશ્રી/ પોલીસ અધિક્ષકશ્રી જારી કરશે.

૪/- જે તે તપાસનીશ અધિકારી આવો નિમણૂંક પત્ર મળ્યેથી કેસ ડાયરીમાં તેનો ઉલ્લેખ કરશે. ઉલ્લેખમાં પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકની કચેરીનો જાવક નંબર તારીખ અવશ્ય દર્શાવવાનો રહેશે. કેસ કાગળો ચાર્જશીટ કરવામાં આવે તેમાં પણ આ નિમણૂંક પત્રની નકલ સામેલ રાખવા નોંધ લેવી.

(પી. સી. પાંડે)
પોલીસ મહાનિર્દેશક અને
મુખ્ય પોલીસ અધિકારી
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

- તમામ પોલીસ કમિશ્નર શ્રી,
- તમામ રેન્જ ઇન્ચાર્જશ્રી,
- તમામ પોલીસ અધિક્ષકશ્રી, (પ.રેલ્વે વડોદરા સહિત)

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.